# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા. ૨૫.૦૫.૨૦૧૯

------------

**લોકહૃદયસમ્રાટ તથા ગુજરાતનું ગૌરવ એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાતના પનોતાપુત્ર અને કુશળ સંગઠક એવા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ**

**આવતીકાલે સાંજે ૫.૩૦ વાગ્યે જે.પી.ચોક, ખાનપુર, અમદાવાદના ઐતિહાસિક સ્થળે આભારદર્શન જનસભા સંબોધશે**

**- શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**લોકસભા ચૂંટણીઓમાં ભવ્યાતિભવ્ય વિજય પ્રાપ્ત કરીને ગુજરાતની ભૂમિ ઉપર પધારી રહેલ ગુજરાતના સપૂતો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનું અભિવાદન સાચા અર્થમાં ગુજરાતની ૬ કરોડની જનતા જનાર્દન તથા સમગ્ર ભારતની પ્રજાનું અભિવાદન છે**

**- પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

------------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ભાજપા કાર્યાલય ખાનપુર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં ભવ્યાતિભવ્ય વિજય મેળવ્યા બાદ ગુજરાતની ગૌરવભૂમિ ઉપર પ્રથમવાર પધારી રહેલ લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કુશળ સંગઠનકર્તા તરીકે દેશભરમાં લોકચાહના પ્રાપ્ત કરનાર રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ગુજરાતની ૬ કરોડની જનતા જનાર્દનના આભારદર્શન માટે પધારી રહ્યા છે. આ અભિવાદન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનું નહી પરંતુ સમગ્ર ગુજરાતની અને દેશની જનતાનું અભિવાદન છે.

આવતીકાલે સાંજે ૫.૦૦ કલાકે કર્ણાવતી મહાનગર ખાતે સરદાર વલ્લભભાઈ એરપોર્ટ ઉપર પધારીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ, દેશના લોહપુરુષ અને વૈશ્વિક વિભૂતિ સરદાર વલ્લભભાઈ પટેલની એરપોર્ટ ખાતે આવેલ પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યાંથી ડફનાળા ચાર રસ્તા – રીવરફ્રન્ટ થઇ ખાનપુર જે.પી.ચોક ખાતે ભાજપાના ઐતિહાસિક કાર્યાલય ઉપર પધારશે અને અહીં જેપી ચોકના ઐતિહાસિક સ્થાન ઉપર ગુજરાતની ૬ કરોડ જનતાનું અને દેશની જનતાનું આભારદર્શન કરીને પ્રજાજનોનું અભિવાદન સ્વીકારશે. લોકહૃદયસમ્રાટ તથા ગુજરાતનું ગૌરવ એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાતના પનોતાપુત્ર અને કુશળ સંગઠક એવા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ આવતીકાલે સાંજે ૫.૩૦ વાગ્યે જે.પી.ચોક, ખાનપુર, અમદાવાદના ઐતિહાસિક સ્થળે આભારદર્શન જનસભા સંબોધશે.

શ્રી વાઘાણીએ સુરતમાં બનેલી કરૂણ ઘટના અંગે ઉંડો શોક વ્યકત કરીને મૃત્યુ પામેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શ્રધ્ધાંજલિ પાઠવીને અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રકટ કરીને સરકારશ્રી તરફથી શક્ય તેટલી તમામ પ્રકારની સહાયની ખાત્રી આપી હતી.

ઘટનામાં કસુરવારોની જવાબદારી નક્કી કરવા ગુજરાતની ભાજપા સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા શહેરી વિકાસના સેક્રેટરીશ્રીની અધ્યક્ષતામાં તપાસ ટીમ નીમી દેવામાં આવી છે અને નિયત સમયમર્યાદામાં કસુરવારોને શોધી કાઢીને તેમને સખ્ત સજા કરવા માટે જરૂરી તમામ પગલાં ભરવામાં આવશે તેવી હૈયાધારણ શ્રી વાઘાણીએ આપી હતી. આવનારા સમયમાં આવી દુર્ઘટના સંપૂર્ણપણે નીવારી શકાય તે માટે તમામ પગલાં લેવાની સરકારશ્રી તરફથી પુરેપુરી ખાત્રી ઉચ્ચારી હતી.

આ પ્રસંગે રાજ્યના ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી આઇ.કે.જાડેજા, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, શહેર પ્રમુખશ્રી જગદીશ પંચાલ સહિત સૌ મહાનુંભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**

પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ